

# આ સુરતી બાળકો બન્યા એકલવ્ય: રિલ્સ, વિડીયોને ગુરુ બનાવી શીખી રહ્યા છે ડિફરન્ટ કલા

જનરેશન Y

કેટલાંક વર્ષો પહેલાં એવું જોવા મળતું કે સ્કૂલમાં સમર વેકેશન હોય એટલે બાળકો આખો દિવસ T.V. માં કાર્ટૂન જોવાનું, મિત્રો સાથે ધમાલમસ્તી કરવાની કે મામાના ઘરે વેકેશન ગાળવા જવાનું. પણ અત્યારના સુરતી બાળકોને તમે જોશો તો તેઓ વેકેશનમાં જાતે જ નવા આર્ટ નવું હુન્નર શીખવામાં વેકેશનનો સદુપયોગ કરી રહ્યા છે. એવા કેટલાય બાળકો છે જે કોઈ પણ આર્ટમાં માસ્ટર બનવા પ્રશિક્ષકોની મદદ લે છે તો કેટલાક બાળકો કોઈનું પણ ગાઈડન્સ લીધા વિના કે કોચિંગ લીધા વગર રિલ્સ જોઈને કે પેરેન્ટ્સ કહે તે રીતે કરીને શીખી રહ્યા છે અને વેકેશનનો સદુપયોગ કરી રહ્યા છે. આ બાળકોને કોઈ કળામાં પારંગત થવું ઇઝી લાગે છે કે પછી અઘરું લાગતા છોડી દેવાનું મન થાય છે? તેઓ ક્યા આર્ટમાં પારંગત થઈ રહ્યા છે તે આપણે અહીં જાણીએ

## હું T.V. જોવા કરતાં ડ્રોઈંગ કરતા શીખવાનું પસંદ કરું છું: ઋત્વિ દેસાઈ





ઋત્વિ હજી 7 વર્ષની જ છે પણ તે ડ્રોઈંગ કરતા શીખી રહી છે. તેણે જણાવ્યું કે હું સ્કેટિંગ અને સ્વિમિંગ પણ કરું છું પણ ડ્રોઈંગ મારૂ પેશન છે. અત્યારે વેકેશન છે તો હું T.V. જોવા કરતાં ડ્રોઈંગ માટે વધારે સમય આપી આ એક્ટિવિટીને એન્જોય કરું છું. મને સ્કેચ કરવાનું વધારે પસંદ છે. મારા મમ્મી-પપ્પા ડ્રોઈંગ કરે છે તેનાથી મને જાતે ડ્રોઈંગ કરવા, સ્કેચ કરવા માટે પ્રોત્સાહન મળે છે. ઋત્વિની મમ્મીએ જણાવ્યું કે અમે ફોટોગ્રાફ્સ TV પર લગાવી દઈએ તેના પરથી તે સ્કેચ કરે ડ્રોઈંગ કરે. ઘરે મહેમાન આવે તો તેમના સ્કેચ પણ બનાવે. તેને જ્યારે સ્કેચ કરવાનું કહીએ તે કરવા તૈયાર થઈ જાય તેને આ મુશ્કેલ નથી લાગતું. હા, પેન્ટિંગ કરવાનું હોય ત્યારે તે મારી હેલ્પ લે છે. અમે તેને ભવિષ્યમાં ચિત્રકાર બનવા માટે પ્રોત્સાહિત કરીશું

## મને કબડ્ડી, ક્રિકેટ પણ ગમે છે પણ તબલાવાદન માટે વધારે ટ્રેક્શન છે: જીત ડબગર




14 વર્ષના જીતે જણાવ્યું કે મને કબડ્ડી અને ક્રિકેટ રમવું ગમે છે પણ તબલા માટે વધારે પ્રેમ છે. હું 8 વર્ષની ઉંમરથી તબલા વગાડવાનું શીખી રહ્યો છું. ભજન અને અન્ય કલાસિકલ પ્રોગ્રામમાં જતો ત્યારે તબલા એ મારું મન મોહી લેતું. તે જોઈ જોઈને હું ઘરે તબલા વગાડવાની પ્રેક્ટિસ કરવા લાગ્યો. મારી ધગશ જોઈને મારા ફાધરે મને ચાર જોડી તબલા આપ્યા છે. અત્યારે વેકેશનમાં હું દર રવિવારે ક્રિકેટ રમું પણ બાકીના 6 દિવસ રોજના એકથી બે કલાક તબલા વગાડતો હોઉં છું. હું સાવ નાનું બાળક હતો ત્યારે જ ઘરમાં રહેલા તબલા પર થાપટ મારતો. હું મોટો થઈને તબલાવાદક બનવાની ખેવના રાખું છું.

## વેકેશનમાં ખલીલ જીબ્રાનની એક કવિતા વાંચી અને પછી મેં જાતે 11 કવિતાઓની રચના કરી: સલોની દેસાઈ



14 વર્ષની સલોનીએ 2 મહિનામાં 11 કવિતાઓની જાતે રચના કરી. સલોનીએ જણાવ્યું કે, મેં મહાન પોએટ ખલીલ જીબ્રાનની એક કવિતા 'સોન્ગ ઓફ ધ રેઈન' વાંચતા જ મને ગમી ગઈ હતી એટલે મને પણ પોયમ લખવાનું મન થયું. પછી મારા મગજમાં પણ થોટ આવવા લાગ્યાં જે હું કાગળ પર લખતી અને મને સેન્ટ્ન્સ ફ્રેમિંગ ઈઝી લાગ્યું. હું પેન્ટિંગ પણ કરું છું પણ કવિતાઓની રચના તરફ મારું આકર્ષણ વધારે રહ્યું છે. 'વોઈસીસ' શીર્ષક હેઠળ મેં ફર્સ્ટ કવિતા લખી હતી ત્યારે મારા મમ્મી આશ્ચર્યચકિત થઈ ગયા હતા કે હું આટલી સારી કવિતા કરી શકું છું મારી કવિતાઓ બીજાને હોંશે હોંશે બતાવી મને પ્રોત્સાહિત કરે છે. એક કવિતામાં સેન્ટ્ન્સ ફ્રેમિંગ જલ્દી નહીં થતા મેં વારંવાર પ્રયાસ કરી કવિતા બનાવી હતી.




## મમ્મીને કુકિંગ કરતા જોઈને હું પણ ફાયરલેસ કુકિંગ જાતે શીખી રહ્યો છું: જયરાજ કંસારા



જયરાજ હજી તો 6 વર્ષનો જ છે પણ તે અત્યારથી કુકિંગ શીખવામાં ઈન્ટરેસ્ટ લઈ રહ્યો છે. જયરાજે જણાવ્યું કે, હું અત્યારે વેકેશનમાં અલગ- અલગ ફ્રૂટ્સનું આકર્ષક રીતે કટિંગ કરી તેનું સલાડ બનાવું છું. બ્રેડ અને ઓરિયો બિસ્કિટની કેક, ઓરિયો શેક તથા અલગ અલગ જાતના સ્પ્રાઉટ્સનું સલાડ પણ બનાવતા શીખું છું. મને સ્પોર્ટ્સમાં ઈન્ટરેસ્ટ છે હું ક્રિકેટ રમું છું પણ મને વધારે એટ્રેક્શન કુકિંગનું છે. મને કુકિંગ પ્રત્યે રુચિ મારી મમ્મીને કિચનમાં કુકિંગ કરતા જોઈને જાગી. હા, હું જ્યારે કેક કે ઓરિયો શેક બનાવતો હોઉ ત્યારે મમ્મી મને કઈ વસ્તુ કેટલા પ્રમાણમાં એડ કરવી તેનું ગાઈડન્સ આપતા હોય છે. મમ્મીના ગાઈડન્સને કારણે હું ફાયરલેસ રેસિપી ઈઝીલી બનાવું લઉ છું મને નહીં ફાવે હાર્ડ લાગે છે એવું તો મેં વિચાર્યું પણ નથી. હું જે બનાવી તે ઘરના લોકોને ટેસ્ટી પણ લાગે છે.

## રિલ્સ જોઈને હું કથ્થક શીખી રહી છું, મારા ડેડી ત્યારે એકીટશે ઓબ્ઝર્વ કરી મને પ્રોત્સાહિત કરે છે: જહાન્વી જરીવાલા



12 વર્ષની જહાન્વીને કથ્થક ડાન્સમાં ઈન્ટરેસ્ટ છે. તેણે જણાવ્યું કે મને સિંગિંગ કરવું ગમે છે પણ કથ્થક ડાન્સ વધારે ગમે છે. હું અત્યારે વેકેશનમાં દિવસમાં બે-ત્રણ કલાક કથ્થક ડાન્સ શીખું છું. હું પહેલા રિલ્સ જોઈ લઉં પછી પ્રેક્ટિસ કરું. મને ડાન્સના કોઈ સ્ટેપ શીખવા અઘરા લાગે તો આ મને નહીં ફાવે એવું વિચારીને કથ્થક શીખવાનું છોડી નથી દેતી પણ અરીસા સામે ઊભી રહી બે-ત્રણ વાર પ્રેક્ટિસ કરું એટલે પછી તે મારા માટે ઈઝી થઈ જાય. મારા મમ્મી તો મને કહેતા હોય છે કે તારે કથ્થકના કલાસ કરવા હોય તો અમે કરાવીએ પણ હું સ્ટડી પર પણ ધ્યાન આપવા માંગું છું એટલે કલાસ નથી કરતી. હું જ્યારે પ્રેક્ટિસ કરતી હોઉં ત્યારે મારા ફાધર મને સતત ઓબ્ઝર્વ કરી મને પ્રોત્સાહિત કરે છે.

---

CREATIVE માઈન્ડ્સ

ઘણાં સુરતીઓ એન્ટિક કલાત્મક વસ્તુઓના સંગ્રહના શોખીન છે. એવા સુરતીઓ પણ છે જેમની પાસે વિવિધ પ્રકારની વસ્તુઓનો સંગ્રહ છે. 70 વર્ષના દિલીપભાઈ મિસ્ત્રી અને તેમના પુત્ર મોન્ટુ મિસ્ત્રીનું સંગીતની દુનિયામાં સારું નામ છે તેઓ અચ્છા વાદ્યકારો છે. તેમની પાસે નોખા-અનોખા સુરીલા મ્યુઝિકલ ઇન્સ્ટ્રુમેન્ટ્સનો ખજાનો છે. કેટલાક સુરતીઓએ જેમના નામ પણ નહીં સાંભળ્યા હોય તેવા અનુઠા મ્યુઝિકલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ તેમના જૂના ઘરની શોભા વધારી રહ્યા છે. ડ્રમ, અકોર્ડીયન, ઢોલક, નગારાનું આકર્ષણ જગાવી જાય તેવું મોટું કલેક્શન છે. 50 વર્ષમાં તેમણે દેશના ક્યાં શહેરો અને કઈ કન્ટ્રીઝમાંથી વાદ્ય સાધનો મેળવ્યાં છે તે આપણે દિલીપભાઈ અને તેમના પુત્ર મોન્ટુભાઇ પાસેથી જાણીએ...

# દેશ-વિદેશના મ્યુઝિકલ ઇન્સ્ટ્રુમેન્ટ્સનું સુરીલું છે કલેક્શન, વાદ્યકાર પિતા-પુત્ર છે અનોખા સંગ્રહ શોખીન





## અલગ-અલગ ડિઝાઇન અને કલરના ડ્રમ મુંબઈ, અમદાવાદ, આફ્રિકા, કોલકત્તાથી મેળવેલા છે



અનોખા મ્યુઝિકલ ઈન્સ્ટ્રુમેન્ટ્સના ખજાનામાં ડ્રમના 5 સેટ છે જેમાં એક સેટમાં 5 પીસ હોય. જ્યારે 8 રોટો સેટ છે જેમાં દરેક સેટમાં 4 પીસ છે. તેમની ડિઝાઈન અને કલર અનોખા છે. તે મુંબઈ, અમદાવાદ, આફ્રિકા, કોલકત્તાથી મેળવ્યા છે. 50 વર્ષ જૂનું ડ્રમ આકર્ષણનું કેન્દ્ર છે. મોન્ટુભાઈએ જણાવ્યું કે મેં જે જે કન્ટ્રીમાં પર્ફોર્મ કર્યું છે ત્યાંની કરન્સીને સાચવી રાખી છું. મારા સંગ્રહમાં નેપાળ, કેન્યા, દુબઈ, નૈરોબી, બેહરીન, નાઈજિરીયા, થાઈલેન્ડ, મસ્કત, મલેશિયા, કુવૈતની કરન્સી મેં સાચવીને રાખવી છે.







## 80 વર્ષ જૂનું અકોર્ડીયન અમેરિકાથી મેળવ્યું હતું, 5 અકોર્ડીયનથી ઘરની શોભા ખીલી ઉઠે છે

રાજકપૂરની ફિલ્મોમાં આ ઈન્સ્ટ્રુમેન્ટ પ્લે થતું જોવા મળતું. દિલીપભાઈ મિસ્ત્રી પાસે 80 વર્ષ જૂનું અકોર્ડીયન છે જે તેમના મિત્રે U.K.થી લાવી તેમને ગિફ્ટમાં આપ્યું હતું. ગુજરાતમાં માત્ર ત્રણથી ચાર સંગીતકાર જ આ ઈન્સ્ટ્રુમેન્ટ વગાડી શકે છે. તે જર્મની અને ઇટાલીમાં બને છે. ફિલ્મોમાં ચકલીનું જે મ્યુઝિક સંભળાય છે તે બર્ડ વોઈસ ઈન્સ્ટ્રુમેન્ટ દેખાવે સાવ નાનું છે તે ઈન્સ્ટ્રુમેન્ટ પણ સાચવીને રાખ્યું છે.

## 125 વર્ષ જૂનું બોન્ગો ઇન્સ્ટ્રુમેન્ટ રાખ્યું છે સાચવીને



1940-50ના વર્ષની જૂની બ્લેક એન્ડ વ્હાઈટ ફિલ્મોમાં વેસ્ટર્ન સોંગ માટે બોન્ગો ઈન્સ્ટ્રુમેન્ટ વગાડતા. દિલીપભાઈ અને તેમના પુત્ર મોન્ટુભાઈ પાસે એક એન્ટિક બોન્ગો છે જે લગભગ 125 વર્ષ જૂનું છે. આ એન્ટિક ઈન્સ્ટ્રુમેન્ટ દિલીપભાઈના પિતા મોહનલાલ મિસ્ત્રીએ જાતે બનાવ્યું હતું. આ ઈન્સ્ટ્રુમેન્ટમાં એક લો ટોન (ટીન જેવો અવાજ) અને બીજું હાઈટોન (જાડા અવાજનું) છે. તે વુડન અને ચામડાનું બનાવેલું છે.

## સ્ક્રેપર, વુડન બ્લોક, વન હેન્ડેડ ટ્રાએન્ગલ, વુડન સ્ક્રેપર વાદ્ય સાધનોની ડિઝાઇન છે યુનિક




દિલીપભાઈ અને તેમના પુત્ર પાસેના મ્યુઝિકલ ઈન્સ્ટ્રુમેન્ટ્સના ખજાનામાં સ્ક્રેપર, વુડન બ્લોક, વન હેન્ડેડ ટ્રાયએન્ગલ, વુડન સ્ક્રેપરની ડિઝાઈન એકદમ યુનિક છે. કોલકત્તાથી મેળવેલા 30 વર્ષ જૂના સ્ક્રેપર ઈન્સ્ટ્રુમેન્ટને વગાડવા કાંસકી જોઈએ. આર.ડી.બર્મનના મોટાભાગના સોંગ્સમાં આ ઈન્સ્ટ્રુમેન્ટ વગાડવામાં આવતું. અમેરિકાથી મેળવેલા વુડનબ્લોક ફિલ્મોમાં ઘોડાના ચાલવાના અવાજ માટે વગાડવામાં આવતું. અમેરિકાથી લાવેલા વન હેન્ડેડ ટ્રાયએન્ગલ ને એક હાથથી વગાડી શકાય છે. જૂના રેટ્રો સોંગમાં તે વાગે. વુડન સ્ક્રેપરમાં પાછળ ચામડાનું લેયર હોય અને તે એક એક વુડ પીસને ટોન પ્રમાણે કટિંગ કરીને બનાવાય છે. કોઈ સીરિયલમાં સસ્પેન્સ સીનમાં બેકગ્રાઉન્ડ મ્યુઝિક માટે તેનો ઉપયોગ થાય છે.

## પ્લેબેક સિંગર મહેન્દ્ર કપૂર, ગઝલ-ગાયક જગજીત સિંઘના પ્રોગ્રામમાં દિલીપભાઈએ વગાડેલું હાર્મોનિયમ 40 વર્ષ જૂનું છે

પ્લેબેક સિંગર મહેન્દ્ર કપૂર અને ગઝલ ગાયક જગજીતસિંઘનો મ્યુઝિકનો એક પ્રોગ્રામ સુરતમાં થયો હતો. તેમાં દિલીપભાઈએ જે હાર્મોનિયમ વગાડ્યું હતું તે પણ હજી સાચવીને રાખ્યું છે જે લગભગ 40 વર્ષ જૂનું છે. ડ્રમની સાથે વગાડવામાં આવતા સિમ્બોલ દિલીપભાઈને તેમના મિત્રે આફ્રિકાથી લાવીને ગિફ્ટમાં આપ્યા હતા. 10 જેટલા સિમ્બોલમાં એક લગભગ સવાસો વર્ષ જૂનું છે.



## મારા અને મારા દીકરા મોન્ટુ પાસે 800થી વધારે મ્યુઝિકલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ છે, હું 50 વર્ષથી કરું છું કલેક્શન: દિલીપભાઈ મિસ્ત્રી



જહાંગીરપુરામાં રહેતા દિલીપભાઈ મિસ્ત્રી અને તેમના પુત્ર મોન્ટુ મિસ્ત્રી પાસે 800થી વધારે મ્યુઝિકલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ છે. આ કલેક્શન તેમણે તેમના જૂના મકાન ડબગરવાડમાં સાચવી રાખ્યું છે. દિલીપભાઈ મિસ્ત્રીએ જણાવ્યું કે હું 15 જાતના ઈન્સ્ટ્રુમેન્ટ્સ ગિટાર, કી-બોર્ડ, અકોર્ડીયન, મેન્ડોરિન, બેંજો, હાર્મોનિયમ વગાડી શકું છું જેના કારણે વિવિધ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એકઠા કરવાનો શોખ 50 વર્ષ પહેલાં જાગ્યો હતો. મેં જે જે સિટી કે દેશમાં પર્ફોર્મ કર્યું જેમ કે કોલકત્તા, બેંગ્લોર, હૈદરાબાદ, મુંબઈ, અમદાવાદ, દુબઈ, આફ્રિકાથી અલગ વેરાયટીના અને જેની ટ્યુન સારી હોય તેવા ઈન્સ્ટ્રુમેન્ટ્સ મેળવી મારો ઈન્સ્ટ્રુમેન્ટ્સનો ખજાનો વધાર્યો છે. તેમના દીકરા મોન્ટુ મિસ્ત્રીએ જણાવ્યું કે મારા દાદા મોહનલાલ મિસ્ત્રી અને પરદાદા આત્મારામ મિસ્ત્રીને પણ મ્યુઝિકમાં ઈન્ટરેસ્ટ હતો. મને આફ્રિકન ઈન્સ્ટ્રુમેન્ટ્સ વધારે ગમે છે તે પણ મેં કલેક્ટ કર્યા છે. મારા ફાધરની જેમ મને પણ આ શોખ છે. મેં 15 દેશમાં પર્ફોર્મ કર્યું છે ત્યાંથી મને ગમતા ઈન્સ્ટ્રુમેન્ટ્સ મેળવી મેં મારા ફાધરના આ યુનિક કલેક્શનમાં વધારો કર્યો છે. અમારી પાસે મીની તુમ્બા પણ છે જે અમે અમેરિકા ગયા હતા ત્યારે મેળવ્યા હતા અને તે 25 વર્ષ જુના છે.

